## યુ એસ.ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ
ફેડરલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન

# ડરાવાની અને ધાકધમકી સંબંધિત માર્ગદર્શિકા

## વ્યક્તિ થી ધમકી

**વ્યક્તિને શારીરિક** ખતરો એ વખતે થાય છે જ્યારે તમે ધમકી આપનાર વ્યક્તિની નજીક હોવાને કારણે નિકટવર્તી જોખમમાં હોવ છો. તમારી પાસે ત્રણ વિકલ્પો છે:

1. **ભાગો:** ભાગી જવાનો માર્ગ ઓળખો. કોઈપણ સામાન છોડો જે તમને ધીમા પાડી  શકે છે. જો શક્ય હોય તો, બીજા લોકોને ભાગવામાં મદદ કરો. 911 પર કૉલ કરો
2. **છુપાઇ જાવ**: ખતરાના દૃશ્યથી છુપાઇ જાવ. દરવાજો લૉક કરો અથવા અંદર આવવાના બધા રસ્તા બંધ કરો. તમારા સેલ ફોનને મૌન કરો (વાઇબ્રેટ મોડ પર) અને જ્યાં સુધી ખતરો સમાપ્ત ન થાય ત્યાં સુધી શાંત રહો.
3. **લડાઈ:** લડાઈ છેલ્લો ઉપાય હોવો જોઈએ અને જ્યારે તમારું જીવન એકદમ જોખમમાં હોય ત્યારે જ. ખતરાને અસમર્થ બનાવવાનો પ્રયાસ કરો. શક્ય હોય તેટલી શારીરિક આક્રમકતા સાથે વાર કરો.

**મૌખિક શારીરિક ધમકી એ છે જે પ્રાપ્તકર્તાને તાત્કાલિક જોખમમાં નથી મૂકતી અથવા જે ભવિષ્યમાં કરવા**ના **ઈરાદા સાથે છે.**

- લખો અથવા ખતરાની જાણ જેવી રીતે કરવામાં આવી હતી તેની બરાબર નોંધ કરો.
- ધમકી આપનાર વ્યક્તિ વિશે શક્ય તેટલી વર્ણનાત્મક વિગતો રેકોર્ડ કરો: નામ, દેખાવ, ચામડીનો રંગ, લિંગ, ઊંચાઈ, વજન, વાળ અને આંખનો રંગ, અવાજ, કપડાં અથવા અન્ય કોઈપણ વિશિષ્ટ લક્ષણો.
- કાયદાના અમલ કરનાર અધિકારીને ખતરાની જાણ કરો.

## ફોન થી ધમકી

**ફોન ધમકી એ ટેલિફોન દ્વારા મળેલી ધમકી છે. જો ખતરો નજીકમાં ના હોય અથવા તમને અથવા અન્યને તાત્કાલિક નુકસાન ના પહોંચાડી શકે તો તમારે ફોન કરનાર વ્યક્તિ અને ખતરા વિશે શક્ય તેટલી વધુ માહિતી મેળવવાનો પ્રયાસ કરવો જોઈએ.**

- શાંત રહો અને ફોન બંધ કરશો નહીં.
- જો શક્ય હોય તો ફોન કરનાર વ્યક્તિ સાથે વાત કરવાનું ચાલુ રાખો અને **એ** નિર્ધારિત કરવા માટે માહિતી માંગવાનો પ્રયાસ કરો કે શું ખતરો ચોક્કસ, વાસ્તવિક છે અથવા તમારા અથવા અન્ય લોકો માટે તાત્કાલિક જોખમ ઊભું કરે છે.
- જો શક્ય હોય તો, સાંભળવા માટે નજીકના અન્ય લોકોને ઈશારો કરો અને કાયદાના અમલ કરનાર અધિકારીને જાણ કરો.
- ફોનના ઇલેક્ટ્રોનિક ડિસ્પ્લેમાંથી કોઈપણ માહિતીની નકલ કરો.
- ધમકીને ચોક્કસ શબ્દોમા લખો.
- જો શક્ય હોય તો કોલ રેકોર્ડ કરો.
- કાયદાના અમલ કરનાર કર્મચારીઓ સાથે વિગતોની ચર્ચા કરવા માટે ઉપલબ્ધ રહો.

## ઈલેક્ટ્રોનિક મેસેજ થી ધમકી

**ઈલેક્ટ્રોનિક મેસેજ ધમકી એ ડાયરેક્ટ મેસેજિંગ, ઈમેલ અથવા સોશિયલ મીડિયા દ્વારા મળેલી ધમકી છે. તેમાં બ્લેકમેલ અથવા જો પ્રાપ્તકર્તા તેનું પાલન ન કરે તો વિપરીત પરિણામોની ધમકીઓ શામેલ હોઈ શકે છે.**

- અજાણ્યા મોકલનાર તરફથી ઇલેક્ટ્રોનિક સંદેશ અથવા અટેચમેન્ટ ખોલશો નહીં.
- સોશિયલ મીડિયા પર અજાણ્યા અથવા અણગમતી વ્યક્તિઓ સાથે વાતચીત કરશો નહીં.
- ખાતરી કરો કે તમારી સુરક્ષાના સેટિંગ્સ સૌથી વધુ કક્ષા પર સેટ છે.

**જો ઇલેક્ટ્રોનિક ધમકી મળે તો:**

- મેસેજ ડિલીટ કરશો નહીં. ફોરેન્સિક તપાસ મહત્વપૂર્ણ વિગતો બહાર લાવી શકે છે.
- સંદેશને કમ્પ્યુટર પર ખુલ્લો રહેવા દો.
- કાયદાના અમલ કરનાર અધિકારીને તાત્કાલિક જાણ કરો.
- સંદેશ, વિષયની લાઇન, તારીખ અને સમય છાપો, ફોટોગ્રાફ કરો અથવા નકલ કરો.
- તમામ ઈલેક્ટ્રોનિક પુરાવા સાચવો.

## સાયબર હુમલાઓ

**સાયબર હુમલો તમારા ઈલેક્ટ્રોનિક સાધન ને જોખમમા લાવી શકે છે અને વ્યક્તિગત માહિતીને છતી કરી શકે છે.**

- મજબૂત પાસફ્રેઝનો ઉપયોગ કરો અને એક કરતાં વધુ વેબસાઇટ માટે એક જ  પાસફ્રેઝનો ઉપયોગ કરશો નહીં.
- ઑટોમૅટિક રીતે અપડેટ કરવા માટે એન્ટિ-વાયરસ અને એન્ટિ-મેલવેર ઍપ્લિકેશને સેટ કરો.
- સિસ્ટમ અને સૉફ્ટવેર અપડેટ્સ ઉપલબ્ધ થતાંની સાથે જ લાગુ કરો.
- બે-પ્રકારની ચકાસણી લાગુ કરો.
- ડેટાનો નિયમિત રીતે બેકઅપ લો.

**જો તમને શંકા હોય કે તમે સાયબર હુમલાનો ભોગ બન્યા છો:**

- તમારી કોમ્પ્યુટર સિસ્ટમોને કાઢી નાખશો નહીં અથવા બદલશો નહીં.
- તમારા બધા ખાતાઓ ને ચોરીથી બચાવવા માટે તરત જ તમારી નાણાકીય સંસ્થાઓનો સંપર્ક કરો.
- પાસફ્રેઝ બદલો અને શંકાસ્પદ પ્રવૃત્તિ માટે ખાતાનું નિરીક્ષણ કરો.

**જો તમે તાત્કાલિક શારીરિક જોખમમાં હોવ, તો 911 પર કૉલ કરો.**જો તમને કોઈ ખતરા  જેવું  લાગે, તો કૃપા કરીને તમારી સ્થાનિક FBI ફીલ્ડ ઑફિસનો સંપર્ક કરો (યાદી www.fbi.gov પર ઉપલબ્ધ છે) અથવા 1-800-CALLFBI (અથવા 1-800-225-5324) દ્વારા અથવા www.fbi.gov/tips દ્વારા ટીપ સબમિટ કરો.
**તમે ફોન દ્વારા અથવા ઑનલાઇન દ્વારા એફબીઆઈને અનામી ટીપ પણ આપી શકો છો.**

# ડરાવાની અને ધાકધમકી સંબંધિત માર્ગદર્શિકા

યુ એસ.ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ
ફેડરલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન

## જો મને ધમકીઓ અથવા ધાકધમકી મળે તો મારે કોનો સંપર્ક કરવો જોઈએ: સ્થાનિક પોલીસ અથવા એફબીઆઈ?

- જો તમે અથવા અન્ય લોકો તાત્કાલિક શારીરિક જોખમમાં હોય, તો 911 ડાયલ કરીને સ્થાનિક પોલીસને કૉલ કરો.
- જો તમે ફેડરલ અપરાધ સાથે સંકળાયેલ જોખમ અનુભવો છો, તો 1-800-CALLFBI (અથવા 1-800-225-5324) પર કૉલ કરીને અથવા www.fbi.gov/ટિપ્સ દ્વારા તમારી સ્થાનિક એફબીઆઇ ફિલ્ડ ઑફિસ નો સંપર્ક કરો (www.fbi.gov પર યાદી ઊપલભ છે). ઉદાહરણોમાં વિદેશી સરકારના એજન્ટ, ઓરગેનાઇઝડ ક્રાઈમ, અથવા સરકારી અધિકારી તરફથી ધમકીઓનો સમાવેશ થાય છે. તમારો રિપોર્ટ અનામી હોઈ શકે છે.
- બધી ઘટનાઓ એફબીઆઈની તપાસના કાર્યક્ષેત્ર હેઠળ નથી હોતી. જો તમે એવી ઘટનાનો ભોગ બનો કે જે ફેડરલ અપરાધની મર્યાદાને પૂરી કરતી નથી, તો તમારે તમારા સ્થાનિક પોલીસ વિભાગને તેની જાણ કરવાની જરૂર પડી શકે છે. સ્થાનિક અને રાજ્યના અધિકાર ક્ષેત્રોમાં શંકાસ્પદ ગુનાઓની તપાસ માટે અલગ-અલગ સીમાઓ હોય છે.

## જો એફબીઆઇ દ્વારા મારો ઇન્ટરવ્યુ લેવામાં આવે તો હું શું અપેક્ષા રાખી શકું?

- એફબીઆઇ એજન્ટ તમારી સાથે એફબીઆઇ ફીલ્ડ ઑફિસ અથવા અન્ય સ્થાને મળી શકે છે.
- એફબીઆઇ તમને ગુનેગાર વિશે શક્ય તેટલી વધુ માહિતી અને તમે અનુભવેલી ખતરાની વિગતો આપવાનું કહેશે.
- જો જરૂર પડશે તો એફબીઆઇ તમારી સાથે આગળ ની કાર્યવાહી કરવા માટે તમારી સંપર્ક માહિતી પૂછશે.
- એફબીઆઇ તમારી ઓળખ અને ગુપ્તતા સુરક્ષીત રાખવા નો પ્રયાસ કરશે.
- જો યોગ્ય હોય તો, માહિતી અને સમર્થન આપવા માટે ઇન્ટરવ્યુ દરમિયાન એફબીઆઇ વિક્ટિમ સ્પેશિયાલિસ્ટ હાજર રહી શકે છે અથવા તેઓ તમારા ઇન્ટરવ્યુ પછી ફોન અથવા મેઇલ દ્વારા તમારો સંપર્ક કરી શકે છે.

## એફબીઆઈ માટે ફરિયાદની તપાસ કરવા અને/અથવા તપાસ શરૂ કરવા ની શું સીમા છે?

- એફબીઆઇ અમેરિકાના ફેડરલ કાયદાનું ઉલ્લંઘન કરતી અને પ્રાપ્તકર્તાને નુકસાન અથવા ખતરાનો સંકેત આપે એવી ધમકીઓની તપાસ કરવામાં સક્ષમ છે.
- ધમકી-સંબંધિત આરોપો માટે વ્યક્તિઓ પર કાર્યવાહી કરવાની અમેરિકા ની સરકારની ક્ષમતા ઘણા કારણો પર આધારિત છે, જેમ કે: પુરાવાની ગુણવત્તા, ક્રિયાને અંજામ આપનાર વ્યક્તિઓને ઓળખવાની ક્ષમતા, ષડયંત્રની ઓળખ અને/અથવા અપરાધી વ્યક્તિઓને પકડવાની ક્ષમતા.

## જો એફબીઆઈ તપાસ શરૂ કરે તો હું શું અપેક્ષા રાખી શકું?

- જો એફબીઆઇ માને કે ફેડરલ ગુનો કરવામાં આવ્યો છે, તો એક અથવા એક થી વધુ એફબીઆઇ વિશેષ એજન્ટો તપાસ કરશે. તપાસના ભાગ તરીકે, વિશેષ એજન્ટ પુરાવા એકત્ર કરશે, જેમાં તમારી અને અન્ય પીડિતો સાથેની મુલાકાતનો સમાવેશ થઈ શકે છે.
- તમને ફેડરલ ગ્રાન્ડ જ્યુરી ની સામે તમારા અનુભવનું વર્ણન કરવા માટે પણ કહેવામાં આવી શકે છે.
- સંપૂર્ણ તપાસ કરવામાં આવશે. તપાસ પૂરી થવામાં લાંબો સમય લાગી શકે છે, અને તમને રોજ-બ-રોજની કેસની પ્રગતિ પર અપડેટ કરવામાં આવશે નહીં. તમને તપાસમાં મુખ્ય ઘટનાઓ વિશે જણાવવા માટે દરેક પ્રયાસ કરવામાં આવશે, જેમ કે ધરપકડ અથવા આરોપ. એફબીઆઇ જ્યારે શક્ય હોય ત્યારે આવી માહિતી લોકોને જાહેર માં આવે તે પહેલાં તમને આપવા માટે પ્રતિબદ્ધ છે. જો કે, એફબીઆઇએ હંમેશા સાવચેત રહેવું પડે કે સંવેદનશીલ માહિતી જે તપાસને નુકસાન પહોંચાડી શકે અથવા કાયદાના અમલીકરણ માટે જોખમ વધારી શકે એ જાહેર ન કરે.
- એફબીઆઇ વિક્ટિમ સ્પેશિયાલિસ્ટ ઓળખાયેલા પીડિતોને કોઈપણ સ્થાનિક સંસાધનોની જરૂર પડી શકે તે માટે આધાર, માહિતી અને રેફરલ્સ પ્રદાન કરવા માટે ઉપલબ્ધ રહેશે.

તમને કેવી રીતે ધમકાવવામાં અથવા ડરાવવામાં આવ્યા હતા તે વિગતોની જાણ કરવા છતા એ ઘટનાઓ જો તપાસમાં પરિણમતી નથી, તો પણ તમારી માહિતી એફબીઆઇ તે ધમકીઓને ટ્રેક કરવામાં અને વલણોને ઓળખવામાં મદદ કરીને અન્ય પીડિતોને મદદરૂપ થશે.

શહેર અને રાજ્યની એફબીઆઇ ફીલ્ડ ઓફિસની સંપર્ક માહિતી WWW.FBI.GOV પર ઉપલબ્ધ છે. જો તમે નિકટવર્તી જોખમમાં છો, તો 911 પર કૉલ કરો.